# શ્રી મહાપદ્મજિન–સ્તવન

(રાગ–આવો, આવો, સીમંધરનાથ! અમ ઘેર આવો રે!)

મંગળ પગલે મહાપદ્મનાથ પધાર્યા રે,
અહો! ભાવીના ભગવંત સ્વર્ણે બિરાજ્યા રે.
આવો આવોને સુરનરવૃંદ સ્વર્ણે આવો રે,
આગામી આદિ જિણંદ રત્ને વધાવો રે....મંગળ૦

ગગને ગંધર્વો ગાય, દુંદુભિ વાગે રે,
સ્તવનો મધુરા રેલાય, જિનગુણ ગાજે રે.
વીરપરિષદે રાજેન્દ્ર શ્રેણિક રાજે રે,
તીરથપતિ-પદ બંધાય, મહિમા ગાજે રે....મંગળ૦

પંચ કલ્યાણકો ઉજવાય જંબૂ-ભરતે રે,
સુરગણ નભમાં ઉભરાય જય જય વર્તે રે.
જન જન્મ્યે હોય સુકળ, મંગળ વ્યાપે રે,
(–પ્રભુ જન્મ્યે ઉન્નતિકાળ, આનંદ વ્યાપે રે,)
બહુ ફાલે ધરમના ફાલ 'પદ્મ' પ્રતાપે રે....મંગળ૦

ભાવી ચોવીશીમાંહ્ય પ્રથમ જિણંદા રે,
ઈન્દ્રો પૂજે તુજપાય, વિશ્વદિણંદા રે.
નિજ આનંદે રમનાર, આત્મવિહારી રે,
ગણવ્યક્તિ સકલ ધરનાર, મહિમા ભારી રે....મંગળ૦

કઈ વિધ પૂજું ગુણધામ, કઈ વિધ વંદું રે,
મુજ આતમના આરામ, નય ભરી નિરખું રે.
તરુ કલ્પ પધાર્યા આજ, વાંછિદાતા રે,
શિવસુખદાયક જિનરાજ, ભવદુખત્રાતા રે....મંગળ૦